**Office of The Dean,**
**Government Medical College,**
**Majuragate , Surat.**

सत्यमेव जयते
Government of Gujarat

**NO : GMCS / Account /I.tax 2023-24/6031-70 /2023** **DATE : 6 /03/2023**

## પરિપત્ર:-

વિષય:- ૨૦૨૩-૨૪નાં અંદાજીત આવકનાં ઇન્કમ ટેક્ષનાં ફોર્મ ભરવાં તથા જી.પી.ફંડની નિયમિત કપાતમાં સુધારો કરવા બાબત....

આથી અત્રેની સંસ્થા ખાતે ફરજ બજાવતાં વર્ગ-૧,૨ અને ૩ નાં દરેક અધિકારી/કર્મચારીઓને જણાવવાનું કે, સને ૨૦૨૩-૨૪નાં નાણાંકીય વર્ષની અંદાજીત આવકને ધ્યાનમાં લઇ ઈ.ટેક્ષનાં ફોર્મ ભરવાપાત્ર થતાં હોઇ, દરેક અધિકારી/કર્મચારીઓએ અંદાજીત આવકનાં ઇ.ટેક્નાં ફોર્મ સંથાની Website: www.gmcsurat.edu.in પરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરી તા. ૧૦/૦૩/૨૦૨૩ સુધીમાં પરત આપી જવાનાં રહેશે, અંદાજીત આવક/કપાતની વિગત માટે માર્ચ-૨૩ નાં પગારને ધ્યાનમાં લઇ ગણતરી કરવાની રહેશે. દરેક પ્રકારની કપાત/રીબેટ બાદ કર્યા પછી જે ઇ.ટેક્ષ આવે તેને ૧૨ વડે ભાગી દર માસે ફરજીયાત કપાવવાનો રહેશે. ફોર્મ મોડા રજુ કરનાર અધિકારી/કર્મચારીઓનો માહે ૦૩/૨૩નો પગાર આકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

તદુપરાંત જે અધિકારી/કર્મચારીઓ ( વર્ગા-૪ કર્મચારીઓ સહીત ) પોતાનાં જી.પી.ફંડ ખાતાની નિયમિત ક્પાતમાં માહે-માર્ચ-૨૩ થી સુધારો કરવા માંગતા હોઇ, તેઓએ તા. ૧૦/૦૩/૨૦૨૩ સુધીમાં હિસાબી શાખામાં રૂબરૂ આવી સુધારા/વધારાનું ફોર્મ ભરી જવાનું રહેશે.

વર્ષ ૨૦૨૨-૨૩નાં ઇ.ટેક્ષનાં ફોર્મમાં જે અધિકારી/કર્મચારીઓએ ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં રોકાણ અંગેની જે બાહેંધરી આપેલ છે, તેવાં અધિકારી/કર્મચારીઓએ ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં રોકાણ કરી તેનાં પુરાવાની ઝેરોક્ષ નકલ હિસાબી શાખામાં આપી જવાની રહેશે. અન્યથા તેઓનો માહે-૦૩/૨૩ નો પગાર અટકાવવામાં આવશે.

વધુમાં તમામ અધિકારી/કર્મચારીઓને જણાવવાનું કે આ સાથે સામેલ Estimate Form માં દર્શાવ્યા મુજબનો Tax કાપવામાં આવશે તેમજ Estimate માં જરૂરી સુધારા વધારા થયેથી તે મુજબ Tax કાપવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

ડીન
સરકારી તબીબી મહાવિદ્યાલય
સુરત.

નક્લ રવાના : -

- પ્રાધ્યાપક અને વડાશ્રી, તમામ વિભાગ સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપના વિભાગમાં ફરજ બજાવતા તમામ અધિકારી/ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- શાખા ઇન્ચાર્જશ્રી, તમામ શાખા સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.
- વોર્ડનશ્રી, તમામ હોસ્ટેલ, સ.ત.મ. સુરત તરફ જાણ તેમજ આપની શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને ઉપરોકત પરિપત્ર અમલ થવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ.